જા.નં.મા-૨/પરિપત્ર/૨૦૨૩/ ૫૮૭૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩,જિલ્લા સેવા સદન - ૨,
અઠવાલાઈન્સ,સુરત
તા. ૦૨/૦૫/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળાઓ તરફ

જાણ તથા અમલ થવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ.સુરત

Scanned with CamScanner

નં.મક/આવિ/ શિષ્યવૃત્તિ/૩૯૦૭/૨૦૨૩
મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસનીકચેરી
સી-બ્લોક છઠ્ઠો માળ બહુમાળી ભવન
નાનપુરા સુરત
ફોન નં./ફેક્સ નં. (૦૨૬૧)૨૪૭૬૧૮૧
Mail ID :vosurat@gmail.com
તા. ૦૧ / ૦૫ /૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
સુરત

વિષય- વર્ષ-૨૦૧૮-૧૯ થી ૨૦૨૧-૨૨ સુધી ધો-૧૧-૧૨ ના આદિજાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ બાબત

સંદર્ભ- તા.૨૯-૦૪-૨૦૨૩ ની વિડિયો કોન્ફરન્સ માં અત્રેની વડી કચેરી દ્વારા આપવામાં આવેલ સુચના

જયભારત સહ ઉપરોક્ત વિષય અંગે જણાવવાનું કે, તા. ૨૯-૦૪-૨૦૨૩ના રોજ અત્રેની વડી કચેરી દ્વારા વિડિયો કોન્ફરન્સ કરવામાં આવેલ. જેમાં મળેલ સુચના મુજબ વર્ષ- ૨૦૨૨-૨૩ થી કેંદ્ર સરકાર પુરસ્કૃત યોજનાઓ નું ચુકવણું PFMS પોર્ટલ પરથી કરવા માટે નિર્ણય થયેલ છે તેમજ અગાઉના વર્ષોના આદિજાતિના જે વિધાર્થીઓને સ્કોલરશીપ નું ચુકવણુ બાકી છે તેમને પણ PFMS પોર્ટલ પરથી જ સ્કોલરશીપ ચુકવવા જણાવેલ છે.

PFMS પોર્ટલ પર ચુકવણુ કરવા માટે સંસ્થા લેવલ પર વર્ષ-૨૦૧૮-૧૯ થી ૨૦૨૧-૨૨ સુધી ધો-૧૧-૧૨ ના આદિજાતિના વિધાર્થીઓની સ્કોલરશીપની પેન્ડીંગ અરજીઓ ને તા. ૨-૫-૨૦૨૩ સુધીમાં ફરજિયાત પણે નિકાલ કરવા માટે જણાવેલ છે. જેથી જિલ્લા કચેરી દ્વારા સદર અરજીઓની મંજુરી અંગે જરૂરી નિર્ણય લઇ શકાય અને મંજુર થયેલ અરજીઓના ડેટા PFMS પોર્ટલ પર અપલોડ કરી શકાય. ડેટા અપલોડ થયા બાદ જ વિધાર્થીઓને સ્કોલરશીપનું ચુકવણુ થઇ શકે તેમ છે.

સદર કામગીરી સમય મર્યાદામાં કરવામાં નહિ આવે અને સ્કોલરશીપની અરજીના ડેટા PFMS પોર્ટલ પર અપલોડ કરવાના રહી જશે તો સ્કોલરશીપનું ચુકવણુ કરવામાં ટેકનિકલ પ્રશ્નો ઉપસ્થિત થાય તેમ છે.

આથી આપના કાર્યક્ષેત્રમાં આવતી તમામ સંસ્થાઓને વર્ષ-૨૦૧૮-૧૯ થી ૨૦૨૧-૨૨ સુધી ધો-૧૧-૧૨ ના આદિજાતિના વિધાર્થીઓની શિષ્યવૃત્તિની અરજીઓ તા. ૨-૫-૨૦૨૩ સુધીમાં નિકાલ કરવા આપની કક્ષાએ સુચના અપાઇ જવા વિનંતી છે.

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ- સુરત

Scanned with CamScanner